ગાંઠિયાની પાંચમી પ્લેટની અધવચ્ચે પહોંચ્યા પછી ગગનને એમ લાગ્યું કે ગાંઠિયા હોવા જોઈએ એના કરતાં કંઈક વધારે કડક છે. મગનમહારાજને એ કહેવા એણે મોઢું ખોલ્યું પણ ખરું, પણ પછી એને બહુ વેળાસર યાદ આવ્યું કે મગનમહારાજને પોતાની ધંધાદારી કુશળતા વિશે એટલો બધો ઊંચો અભિપ્રાય છે કે એ અંગેની જરાયે ટીકા એ સહન નથી કરી શકતા. માનો કે એ નારાજ થઈ જાય અને અનેક વાર ધમકી આપે છે તેમ ખરેખર નોકરી છોડીને ચાલ્યા જાય તો? એ ભયંકર ભાવિની કલ્પનાથી જ ગગન ધ્રૂજી ઊઠ્યો અને પોતાની જાતને સાંત્વન આપવા એણે ખુલ્લા મોંમાં પાંચ-સાત ગાંઠિયા ખોસી દીધા.

ના, અત્યારની પરિસ્થિતિમાં કોઈ પણ જાતનું જોખમ ખેડી શકાય નહીં.

ગગન દુઃખી હતો.

અનહદ દુઃખી હતો. અને એનું દુઃખ પાછું આદિઅંતરહિત, બેડોળ, આકારહીન અને દરિયાકિનારે ઘસડાઈ આવેલી અને જરા-જરા હાંફતી જૅલીફિશ જેવું વજનદાર હતું. જોકે આદિઅંતરહિત તો લખવા ખાતર લખ્યું, બાકી એના દુઃખનો અંત ભલે ન દેખાતો હોય, એની શરૂઆત તો હતી જ. એક ચોક્કસ દિવસની એટલે કે સત્તરમી ઑક્ટોબરની સાંજે સાત વાગ્યે એના દુઃખની શરૂઆત થઈ હતી. એને જો આવી બધી ખબર હોત તો એ ચગડોળમાં જ ન બેસત. અરે, એ આદિવાસી કલાપ્રદર્શનમાં જ ન જાત. આમેય એને કોઈ પણ જાતની કલામાં રસ ક્યાં હતો? પણ મુંબઈના ક્રૉસ મેદાનમાં ભરાતા એકેએક પ્રદર્શનમાં જાતજાતની ખાણીપીણીની વસ્તુઓ, ચગડોળ, નિશાન તાકવાની રમતો અને એવું બધું હોય છે જ તેની એને જાણ હતી. એટલે અણુવિજ્ઞાનના પ્રદર્શનમાં મળતી પાણીપૂરી કરતાં આદિવાસીવાળી પાણીપૂરી વધારે ચડિયાતી છે કે કેમ એની જ બિચારો તપાસ કરવા ગયો હતો. એને શી ખબર કે હંમેશની આદત પ્રમાણે બે આઇસક્રીમ-કોન અને ત્રણ બુઢ્ઢીના બાલ લઈને એ ચગડોળમાં બેસશે તે જ વખતે નેતરની સોટી જેવી પાતળી અને એટલી જ મજબૂત એક છોકરી એ જ ચગડોળમાં એની પાસે જ બેસવાની હશે અને ટગર-ટગર જોઈને, મલકાઈને અને પછી ખડખડાટ હસીને એની એવી દુર્દશા કરી મૂકશે કે આઇસક્રીમના પીગળીને રેલા ઊતરશે અને બુઢ્ઢીના બાલના ઢગલા

ચગડોળની હવાના ઝપાટાથી ઊડી-ઊડીને મેદાનમાં વેરાઈ જશે તોયે એ પૂતળા જેવો સ્થિર જ બેસી રહેશે?

એક સદ્‌ગૃહસ્થને છાજે એવાં વિવેક અને ગંભીરતાથી ગગને એ બન્ને ચીજો પેલી છોકરીને ધરી જોઈ હતી. પણ એણે તો હસી-હસીને બેવડ વળી જતાં એટલું જ કહ્યું હતું કે હાઇસ્કૂલ છોડ્યા પછી તે આવી વસ્તુઓ સામે નજર સુધ્ધાં નાખતી નથી.

સવાલ એ હતો કે તો પછી શા માટે અત્યારે એ આ બુઢ્ઢીના બાલ અને આઇસક્રીમ સામેથી પોતાની નજર જરા પણ ખસેડતી નથી અને બિચારા ગગનને શાંતિથી પોતાની મોજ માણવા નથી દેતી? પણ બૈરાંઓને એવું બધું પૂછી નથી શકાતું. ભલે પછી તેઓ ઉંમરમાં નાનાં હોય કે દેખાવમાં નેતરની સોટી જેવાં હોય. તેઓ ક્યારે ચિડાઈ જાય અને જાહેરમાં ચંપલ મારી બેસે તેનું કંઈ ઠેકાણું નહીં, અને મારનું તો જાણે સમજ્યા પણ ચંપલ કાદવવાળાં કે રસ્તાની ધૂળવાળાં હોય તેનું શું? આ મુંબઈ શહેરની સડકો તો લાખો, કરોડો, અબજો, ખર્વ, નિખર્વ, શંકુ, પદ્મ, મહાપદ્મ, દશ્ય અને અદશ્ય જંતુઓથી ઊભરાતી હોય છે. એમાંથી ત્રણસો-ચારસો જંતુ તો ગમે તેવી નાની છોકરીના ચંપલને તળિયે હોય અને એમાંથી પાંચ-પચાસ પણ પોતાને ગાલે ચોંટે તો?

ગગન માંદગીથી બહુ ડરતો હતો. એટલે એણે આઇસક્રીમ પીગળવા દીધો, બુઢ્ઢીના બાલ ઊડવા દીધા અને છોકરીને હસવા દીધી.

બસ, એ દિવસથી, એ કલાકથી, એ મિનિટથી એના પેલા જૅલીફિશ જેવા દુઃખની શરૂઆત થઈ. આઇસક્રીમ કે બુઢ્ઢીના બાલ તો ફરીથી ખરીદી શકાય, કપડાં લૉન્ડ્રીમાં ધોવડાવી શકાય, અને ફરી વાર ચગડોળમાં બેસવાનું આવે તો ખાલી બેઠકવાળા પાંજરામાં નહીં બેસવાની અને કોઈ ગંભીર સજ્જનની સોબત શોધવાની તકેદારી રાખી શકાય, એટલે એ બધાં તો જાણે પરચૂરણ દુઃખો ગણાય. એ કંઈ જિંદગીની મોટી હોનારત નહીં કહેવાય.

પણ તકલીફ એ હતી કે ગગન પેલી છોકરીને ભૂલી નહોતો શકતો, અને એનો ચહેરો બરાબર યાદ નહોતો કરી શકતો. યાદશક્તિ આમ કાશીના કરવતની પેઠે એને જતાં ને આવતાં બન્ને રીતે વહેરતી હતી. અત્યારે લગીની જિંદગીમાં આવું કોઈ દિવસ નહીં થયું હોવાથી ગગન આ આફતનો સામનો કઈ રીતે કરવો એ સમજી નહોતો શકતો. એટલે એ દુઃખી હતો.

બહુ મજબૂત રીતે, મોટા પાયા પર દુઃખી હતો. એ ઊંઘતો હતો ખરો, પણ વચ્ચે-વચ્ચે જાગી જતો હતો, અને જાગ્યા પછી થોડી મિનિટો લગી એને ઊંઘ નહોતી આવતી. પેલી પાતળી છોકરીનું ખડખડાટ હાસ્ય ફરી વાર સાંભળ્યા વગર ક્યારેય એને ચેનભરી ઊંઘ નહીં આવે એવા ખાતરીભર્યા નિર્ણય ઉપર આવીને નિસાસો નાખીને એ પાસું ફેરવીને પાછો ઊંઘી જતો હતો.

અને જમતાં, નાસ્તો કરતાં કે ચા-કૉફી ને શરબત પીતાં એનાથી અધવચ્ચે અટકી જવાતું હતું. આવું કશુંક હાથમાં લઈને એ ચગડોળમાં બેઠો હોય અને પેલી છોકરી એને જુએ તો? એ ખડખડાટ હસે કે માત્ર મલકાય? ટગર-ટગર જોયા કરે કે નજર ફેરવી નાખે? એ કશું જ નક્કી નહોતો કરી શકતો અને તેથી એને મૂંઝવણ થયા કરતી હતી.

પાછળથી આવું બધું થવાનું છે એવી ખબર હોત તો એ છોકરીનું નામ-સરનામું પણ પૂછી શકાયું હોત... શી ખબર, નામ પૂછવા જતાં પણ છોકરીઓ ચિડાઈ જતી હોય અને ચંપલો ઉગામવા માંડતી હોય તો?

ખરું જોતાં સરકારે કાયદો કાઢવો જોઈએ કે સ્ત્રીઓએ માત્ર હોલબૂટ પહેરવા અને તેને બાંધવાની દોરી દોઢેક મીટર લાંબી રાખવી, તો જ કોઈ પણ સ્ત્રી હોલબૂટ કાઢવા નીચી નમે કે તરત પુરુષો ભાગી જઈ શકે. એમને થોડો સમય મળે. ધીમે-ધીમે ગગનને પોતાનો આ વિચાર એટલો બધો ગમવા માંડ્યો કે પ્રધાન થવા માટે શું કરવું પડે અને ધારાસભાના સભ્ય થવા માટે શું કરવું પડે તેના એ વિચાર કરવા લાગ્યો. પરંતુ એ શાંતિપ્રિય હતો, આરામપ્રિય હતો, કોઈ પણ જાતની શારીરિક હિલચાલનો સખત વિરોધી હતો, એટલે રાજકારણમાં એ ઝંપલાવી શકે એમ હતું જ નહીં. ‘ઝંપલાવવું’ શબ્દનો મોટો ‘ઝ’ બોલવાનો કે લખવાનો પ્રયત્ન પણ વધારે પડતો લાગે એવી એની પ્રકૃતિ હતી એટલે કોઈ પણ રાજકીય પક્ષે કે પ્રધાનમંડળે કે જનતાએ ડરવાનું જરા પણ કારણ નહોતું.

ગગન વિચારો કર્યા જ કરત, મહારાજ ગરમાગરમ ગાંઠિયા પીરસ્યા જ કરત અને એ અલોપ થયા જ કરત... જો ઓચિંતી બારણાંની ઘંટડી બંબાના ઘંટની જેમ ધમાલ કરીને રણકી ન ઊઠી હોત તો.

ગગન ગાંઠિયાની પ્લેટ નીચે મૂકે તે પહેલાં તો તોપમાંથી છૂટેલા ગોળા જેવો ચંદુ અંદર આવી પહોંચ્યો, એના હાથમાંથી પ્લેટ ખૂંચવી લીધી, એના પલંગ પર મોટો પલાંઠો મારીને બેસી ગયો અને મોટેથી ઉપદેશ આપવા લાગ્યો :

"જો ગગન, ગાંઠિયા ખાવા સારા નહીં. એમાં કપડાં ધોવાના સોડા આવે છે - ખબર છે? તારી હોજરી ને આંતરડાં ધોવાઈને એકદમ સાફ - ઊજળાં બગ થઈ જશે. પછી એમાં ચાંદાં પડશે. એ ફાટી જશે. એમાંથી –"

"બસ હવે... જો એવું જ હોય તો તું શું કરવા ખાય છે?"

"મારી તો વાત જ જુદી છે. મારાં આંતરડાં પોલાદનાં છે."

"બનવાજોગ છે."

"કેમ? કેમ?" ગગને પોતાની વાત તરત સ્વીકારી લીધી તેથી વિચારમાં પડી ગયેલા ચંદુએ ખાવાની ઝડપ થોડી ઘટાડી.

આમેય ગગન ખાઈ રહેવા આવ્યો હતો એટલે હવે પછીના ગાંઠિયા ચંદુ ખાઈ જાય એનો એને ખાસ વાંધો નહોતો, વળી પોતાની હાલની મુશ્કેલીમાં કદાચ ચંદુ મદદ કરી શકે એ વિચારથી એણે ચંદુને રાજી કરવા કહ્યું, "તારું હૃદય પોલાદનું છે એ તો હું જાણું જ છું. એટલે તારી હોજરી કે આંતરડાં પણ પોલાદનાં શું કામ ન હોય? હોઈ શકે... હશે જ! મહારાજ, ચંદુભાઈને માટે ગરમ ગાંઠિયા લાવો."

"એ ગગન, આ શી બદમાશી છે? મને ચંદુભાઈ કેમ કહે છે?"

"ચંદ્રકાન્ત કહું?"

"કેમ, 'ચંદુ' શું ખોટું છે? ને મારું હૃદય પોલાદનું બનેલું છે એ તેં કેમ જાણ્યું?"

"આટલી બધી વાર તૂટે છે ને પાછું સંધાય છે ને પાછું અસલ કરતાંયે મજબૂત હાલતમાં કામ કરતું હોય છે એટલે માની શકાય કે પોલાદનું જ હશે." કહી ગગન ઊઠ્યો અને હાથ ધોવા ગયો.

એ ખૂબ ગોરો, જાડો અને ગોળ ચહેરાવાળો હતો. એના ચહેરા કરતાંયે એની આંખો વધારે ગોળ અને સહેજ ભૂખરા રંગની હતી. એના વાળ વાંકડિયા અને એક માણસને હોવા જોઈએ એના કરતાં વધારે જથ્થામાં હતા. ટૂંકમાં જો એ બાવીસેક વરસ નાનો હોય તો રૂપાળો કહેવાય અને ઊંચકી લઈને વહાલ કરવાનું મન થાય એવો હતો. એના ચહેરા પર તે વખતે હશે તે ભોળપણ વેળાસર જતા રહેવાનું ભૂલી ગયું હતું એટલે હજુ એ બહુ નિર્દોષ અને સીધોસાદો ભલોભોળો વગેરે વગેરે લાગતો હતો. એના માત્ર દેખાવ પરથી કોઈ જાણી ના શકે કે એ આટલી સરસ શતરંજ રમતો હશે.

"ગગન!"

"શું છે?"

"મને લાગે છે કે તેં મારું અપમાન કર્યું છે."

"તો મારા ગાંઠિયા ના ખા, મારી પથારી પરથી ઊઠી જા અને મારા ઘરમાંથી જતો રહે."

"શું વાત કરે છે? હું તો અહીંયાં રહેવા આવ્યો છું."

ગગનનું મોં પડી ગયું. આમ તો એ ઉદાર હતો અને ચંદુની સોબત એને ગમતી પણ ખરી, પરંતુ અત્યારની પરિસ્થિતિમાં...

"ગગન! શું વિચાર કરે છે?"

"કંઈ નહીં. રહે રહેવું હોય તો! મારાં કપડાં નહીં પહેરતો."

"અરે, હવે તો તારાં કપડાં મને આવે જ ક્યાંથી?" પોતાના કસાયેલા મજબૂત શરીર સામે આત્મસંતોષપૂર્વક જોઈને ચંદુ બોલ્યો.

"ચંદુ! તું આ ઘડી-ઘડી પ્રેમમાં પડે છે ને બહાર નીકળે છે તે..."

"હું બહાર નીકળતો જ નથી. પ્રેમમાં પડું છું અને પછી વધારે ઊંડો ઊતરું છું. પાત્ર બદલાય તેથી માણસ પ્રેમમાંથી બહાર નીકળ્યો ન કહેવાય."

"એમ?"

"હા."

"સારું, તો એમ હશે."

"ગગન! તને યાદ છે ને, હું તારો ખાસ દોસ્ત છું!"

"હા."

"તો પછી રાહ શાની જુએ છે? કહી નાખ."

"શું કહી નાખું?"

"કોણ છે? ક્યાં રહે છે? કેવી છે? શું નામ છે? પહેલી મુલાકાત ક્યારે થઈ? પહેલો ઝઘડો ક્યારે થયો? પહેલો વિવાહ ક્યારે... સૉરી, વિવાહ ક્યારે થવાનો છે?"

"ચક્રમ ચંદુ, ટાઢો પડ!"

“શું? મને ચક્રમ કહ્યો?”

“જો, આટલામાં બીજું કોઈ છે જ નહીં એટલે હું જે જે વિશેષણો વાપરું તે બધાં તારે માટે જ છે એ સમજી જા. અને ઘડી-ઘડીમાં ભાંગવાડી ના કર. મેં તને ચક્રમ કહ્યો કારણ કે તારું કાં તો ખસ્યું છે ને કાં તો ખસવાની તૈયારીમાં છે. તે વિના તું આટલા બધા અને આવા રેઢિયાળ સવાલો પૂછી જ ના શકે.”

“વારુ, નહીં પૂછું. તું તારી મેળે વાત કર.”

પછી ગગને વાત કરી. ધીરે-ધીરે યાદ કરતાં કરતાં બધું જ કહી નાખ્યું. વાત પૂરી થવાની તૈયારીમાં હતી ને ચંદુએ પાછો પલંગ હચમચી ઊઠે એવો કૂદકો માર્યો.

“અરે દોસ્ત! મેં હમણાં જ એને જોઈ.”

“કોને?”

“એક ખૂબસૂરત અપ્સરા અહીંથી ચોથા ખાંચા આગળ મોદીની દુકાને તારું સરનામું પૂછતી હતી.”

“તો એ નહીં. આ તો સોટી જેવી છે!”

“પાતળી, ચંચળ, સુંદર, નાજુક, હરણી જેવી.”

“ના ભઈ ના! આ તો છોકરી છે. હરણી નથી. બીજું કશુંયે નથી... પણ તેં પેલીને સરનામું કેમ ના આપ્યું?”

“હું એવી ભૂલ કરતો હોઈશ? કોને ખબર કંઈ લોચાલાપસી હોય તો... ગમે તેમ પણ તું મારો ખાસ દોસ્તાર - તારું સરનામું એમ ગમે તેને મારાથી બતાવાય? જોકે તું કંઈ લફરાં કરે એવો નથી તોયે સાવચેત રહેવું સારું...”

“એ શું પૂછતી હતી?”

“તારું નામ દઈને પૂછતી હતી... ગગન અંકલેસરિયા કયા મકાનમાં રહે છે?”

“પછી?”

“પછી મોદીએ મને ડોળા કકડાવીને કાઢી મૂક્યો.”

“કેમ?”

“હું પરચૂરણ માગતો હતો. દોસ્ત, પણ શું રૂપાની ઘંટડી જેવો અવાજ હતો!”